# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## પ્રકાશન સમિતિની ૨૫મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની પ્રકાશન સમિતિની ૨૫મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠક તા.૨૫/૧૧/૨૦૨૪નાં રોજ બપોરે ૦૩:૩૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી, (સમિતિ અધ્યક્ષશ્રી)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર એ.પટેલ, સભ્યશ્રી
(૩) પ્રિ. ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી
(૪) પ્રો. વિનોદ કુમાર ઝા, સભ્યશ્રી
(૫) ડૉ. વિદુષી બોલ્લા, સભ્યશ્રી
(૬) ડૉ. જાનકીશરણ આચાર્ય, સભ્યશ્રી
(૭) શ્રી રવીન્દ્ર કાળે, સભ્યશ્રી
(૮) ડૉ. અમીષા દવે, સભ્યશ્રી
(૯) ડૉ. પંકજકુમાર રાવલ, સભ્યશ્રી (ઓનલાઈન)
(૧૦) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૨) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. તર્કભાષા (E-Book in PDF) ગ્રંથ માન.કુલપતિશ્રીના સંદેશ સાથે તૈયાર કરવામાં આવેલ છે. યુનિવર્સિટી શૈક્ષણિક ગુણોત્કર્ષ વર્ષ-૨૦૨૪-૨૫ અંતર્ગત IKS વિષયક વિશેષ 15 પ્રકાશનો પૈકી 05 ગ્રંથો જે તે લેખકશ્રીઓએ લેખનકાર્ય કરીને અત્રે જમા કરાવેલ છે, જેની સમીક્ષાની કામગીરી હાલ ચાલી રહેલ છે. આ બાબતની સમિતિએ નોંધ લીધી અને બહાલી/મંજૂરી આપી. અંતે, માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

(૧) ડૉ. જે. પી. એન. દ્વિવેદીજી દ્વારા લિખિત – સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ “न्यायदर्शन के सिद्धान्त एवं लोकधर्म”ની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૨) શ્રી મેઘરાજ ભટ્ટ દ્વારા લિખિત – સંપાદિત અને પ્રકાશનાર્થે આવેલ ગ્રંથ “श्री भास्कराचार्य (द्वितीय) रचित लीलावती”ની બાહ્ય સમીક્ષાના આધારે પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

(૩) ગોસ્વામી શ્રી અંજનરાયજી મહોદય દ્વારા લિખિત धर्मवर्तनी ગ્રંથના પ્રકાશન અંગેની અગ્રિમ કાર્યવાહીના ભાગરૂપે આવેલ ગ્રંથની આંતરિક સમીક્ષા કરવા સમિતિ ભલામણ કરે છે.

(૪) યુનિવર્સિટીના Publication Regulationsમાં આવતી Review Policyમાં આંતરિક અને બાહ્ય સમીક્ષાની બહાલી/મંજૂરી અગ્રિમ પ્રકાશન સમિતિની બેઠકનાં મેળવવાના બદલે જે-તે ફાઈલમાં માન.કુલપતિશ્રીની કક્ષાએથી/સત્તાએથી મેળવી આંતરિક અને બાહ્ય સમીક્ષા કરાવવા સમિતિ ભલામણ કરે છે. આંતરિક અને બાહ્ય સમીક્ષાના Reports અગ્રિમ પ્રકાશન સમિતિની બેઠકમાં પ્રસ્તુત કરીને પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

**મહાનુભાવોનાં સૂચનો -**

(૫) સમિતિ સભ્યશ્રી રવીન્દ્ર કાળે દ્વારા યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ પુસ્તકોના કુલ સ્ટોકમાંથી ઉધઈના કારણે ખરાબ થયેલ પુસ્તકોની યાદી (કુલ ગ્રંથ=28 અને કુલ પ્રતો/નકલો=541) સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી, જેની સમિતિએ નોંધ લીધી. તે અનુસંધાને આ અંગેની કરવાની થતી કાર્યવાહી ગ્રંથાલય વિભાગ/સમિતિ તેમની કક્ષાએથી કરે તેમ સર્વાનુમતે સમિતિ ભલામણ કરે છે.

(૬) સમિતિ સભ્યશ્રી ડૉ. જાનકીશરણ આચાર્યએ શોધગંગા પોર્ટલ પર અપલોડ થયેલ Ph.D. Thesis અંગે પૃચ્છા કરતાં ગ્રંથપાલશ્રીએ 110 Ph.D. Thesis અપલોડ થયેલ છે એમ જણાવ્યું જેની સમિતિએ નોંધ લીધી. આ બાબતે ગ્રંથપાલશ્રીના સૂચનાનુસાર Ph.D. Thesis Submission Formમાં Ph.D. Thesisની Soft Copy ગ્રંથપાલશ્રીને જમા કરાવ્યા અંગેની Counter Sign મેળવી જમા લેવા સમિતિ ભલામણ કરે છે. જે Ph.D. Thesis અપલોડ થયેલ નથી તેની કામગીરી પૂર્ણ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૭) 'संस्कृतवाङ्मये शिवतत्त्वम्'ના પ્રકાશન સબબની અગ્રિમ કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીનાં સૂચનો -**

(૮) શોધજ્યોતિઃના અગ્રિમ અંકો ઝડપથી પ્રકાશિત થાય, Waitingમાં રહેલ સંશોધન લેખોની યાદી રિક્ત થાય અને ત્યારબાદ શોધજ્યોતિઃના પ્રકાશન માટે સંશોધન લેખો આમંત્રિત કરવા પ્રબંધ સંપાદકને ભલામણ છે.

(૯) યુનિવર્સિટી પ્રકાશનોના પ્રચાર-પ્રસાર માટે હવે પછીથી વિમોચનાર્થે આવનાર ગ્રંથ/પ્રકાશનોનો સારાંશ, મુખપૃષ્ઠ, કુલ પૃષ્ઠ સંખ્યા અને MRPની વિગતો પ્રકાશન વિભાગ તૈયાર કરીને કમ્પ્યૂટર વિભાગને આપે તેમ ભલામણ છે. ડૉ.જાનકીશરણ આચાર્ય અને ડૉ.વિદુષી બોલ્લા નવી તૈયાર થતી વેબસાઈટનું અવલોકન કરીને કોમ્પ્યૂટર વિભાગને માર્ગદર્શન આપે તેમ ભલામણ છે.

(૯) યુનિવર્સિટી પ્રકાશનોની સૂચિ (Catalogue) તૈયાર કરવા ગ્રંથાલય વિભાગ/સમિતિને ભલામણ છે.

બેઠકના અંતે સંશોધન અધિકારીશ્રીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY
VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી